# પ્રાચીન સાહિત્ય

ઓગણીસો સાતમાં રવીન્દ્રનાથે પ્રાચીન સાહિત્ય (Ancient Literature) ઉપર વિશિષ્ટ નિબંધો પ્રકાશિત કર્યા. આ નિબંધો વિશે રવીન્દ્રસાહિત્યના ઊંડા અભ્યાસુ શ્રી નિહારરંજન રાયે એનું મહત્ત્વ આંકતાં નોંધ્યું છે :

“These essays, besides being pieces of literature by themselves because of their literary style, represent, to my knowledge, the first attempt made in Bengali, and for that matter, in Indian literature, to build up a set of standards for judging and appreciating a piece of literary works. The essays are illumined by his deep humanity, his equally deep insight into man and things, his knowledge and understanding of literature and civilization, and subtle taste and balanced judgment.”

આ નિબંધોમાં રવીન્દ્રનાથે ભારતના પ્રાચીન સાહિત્ય અને તેના વારસાની (heritage) જાણે પુનઃ ખોજ કરી છે. એમણે આપણા પ્રાચીન સાહિત્યને નવાં અર્થઘટનો પૂરાં પાડી ભારતીય સંસ્કૃતિમાં એક નવું પરિમાણ રચ્યું છે અને પોતાની વિવિધ રચનાઓમાં એનો નવીન અર્થ તારવીને અભિવ્યક્ત પણ કર્યો છે. રવીન્દ્રનાથનું સાહિત્ય આજે પ્રસ્તુત છે એનું એક કારણ એમનું આ દૃષ્ટિબિંદુ પણ હોઈ શકે.

રવીન્દ્રનાથ એમના આ વિચારોને ત્રણ સ્રોતમાંથી મેળવે છે :

1. ઉપનિષદોમાંથી
2. બુદ્ધિઝમમાંથી
3. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાંથી

નિહારરંજન રાયે રવીન્દ્રનાથના આ વિચારોના સંદર્ભે એક નોખું નિરીક્ષણ કર્યું છે. રવીન્દ્રનાથના મોટા ભાગના સમકાલીન વિદ્વજ્જનોએ, જેમ કે તિલક, અરવિન્દ, બંકિમચંદ્ર, ગાંધી કે અન્ય બંગાળી, મરાઠી સ્વાતંત્ર્યસેનાનીઓએ પોતાની વિચારધારામાં અને પ્રેરણાસ્રોતમાં મુખ્યત્વે ગીતાને રાખી છે; જ્યારે રવીન્દ્રનાથે ઉપનિષદોને જ પોતાના કેન્દ્રમાં રાખ્યા છે.

રવીન્દ્રનાથ સર્જનાત્મક સાહિત્ય દ્વારા અને નિબંધો થકી ભારતના આ મહાન વારસાને પુનઃ પ્રયોજતા અને પુનઃ અર્થઘટન (recreate and reinterprets) કરતા રહ્યા. એમના સાહિત્યનું કદાચ એ એક મહત્ત્વનું પાસું પણ લાગે છે. એમણે ત્રણ રીતે આ પ્રાચીન સાહિત્યનું અનુસંધાન સાધ્યું છે :

1. *એમણે પ્રાચીન પરંપરાનું સંધાન મધ્યકાલીન પરંપરાઓના અસ્તિત્વમાં જોડ્યું.*
2. *પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો - બે મહાકાવ્યો, રામાયણ અને મહાભારતનો પ્રભાવ ઝીલ્યો.*
3. *કાલિદાસની કૃતિઓ શકુન્તલા ઇત્યાદિનું પોતાની સૌંદર્યદૃષ્ટિથી ઊંડા દર્શનથી પુનઃસર્જન કર્યું.*

રવીન્દ્રનાથે આ સંદર્ભે પોતાના વિચાર રજૂ કર્યા છે :

India has a spirit and tradition of her own, which have survived through all political upheavals. This spirit and this tradition do not obey the mandate of the holy books, and are little influenced by scholars. In fact, neither has been incorporated in any theological or social code, and their roots are deep in the heart of the masses themselves; from the first they have set themselves against restrictions and dogmas and thier prophets came from the commonest of the common people.

પ્રાચીન સાહિત્ય સંદર્ભે એમના આ વિચારો ગુજરાતીમાં, 'રવીન્દ્ર નિબંધમાળા'માં 'પ્રાચીન સાહિત્ય' જૂથના ત્રણ લેખ દ્વારા જોવા મળે છે. આ લેખમાં મુખ્યત્વે ત્રણ લેખનો આધાર લેવામાં આવ્યો છે. તદ્ઉપરાંત મહાદેવભાઈ દેસાઈ તથા નરહરિ પરીખ દ્વારા અનૂદિત 'પ્રાચીન સાહિત્ય' નામના પુસ્તકમાંથી પણ જોવા મળે છે. જે ત્રણ નિબંધોમાં પ્રાચીન સાહિત્યને નવી દૃષ્ટિથી જોવામાં આવ્યા છે તે આ મુજબ છે :

1. રામાયણ

2. શકુન્તલા

3. કાવ્યની ઉપેક્ષિતા

પ્રસ્તુત નિબંધમાં રવીન્દ્રનાથનો આ વિષય સંદર્ભે સ્પષ્ટ દૃષ્ટિકોણ રજૂ થાય છે. એમનો મત છે કે રામાયણ અને મહાભારતના રચયિતા વ્યાસ અને વાલ્મીકિ નિમિત્તમાત્ર છે. આ બંને મહાકાવ્યો તો સમસ્ત ભારતવર્ષનાં છે અને આ રચનાને મનુષ્યમાત્રની ચિરંતન સંપત્તિ બનાવી છે. આ બે સમર્થ ગ્રંથો એમને રચનાર કવિનાં નામ ખોઈ બેઠેલાં છે. જાણે કવિ પોતાના કાવ્યના અંતરાલમાં બિલકુલ લુપ્ત થઈ ગયા છે, પરંતુ આ રચનાઓ ભારતવર્ષની ચિત્તભૂમિને આજે પણ ફળદ્રુપ કરે છે.

બીજી એક રસપ્રદ વાત એ કહે છે કે આ કૃતિઓ માત્ર મહાકાવ્યો નથી, ઇતિહાસ છે. માત્ર ઇતિહાસ પણ નથી. ઇતિહાસ તો સમયને અવલંબે છે. ભારતનો ઇતિહાસ ચિરકાલનો ઇતિહાસ છે. ભારતવર્ષની જે આરાધના, સાધના અને સંકલ્પ છે તેનો જ ઇતિહાસ આ બે મહાકાવ્યો દર્શાવે છે. તેથી જ આ ચિરંજીવ કાલજયી કૃતિઓ પ્રાચીન સાહિત્યની મહત્ત્વની સંપદા છે.

બીજું એક મહત્ત્વનું નિરીક્ષણ રવીન્દ્રનાથ આ સંદર્ભે રજૂ કરે છે. એમનો મત છે કે દેવતાઓની અવતારલીલા વર્ણવવા આ કાવ્યો રચાયાં નથી. આ કાવ્યો માત્ર યુદ્ધને અવલંબતાં નથી. ખરેખર તો આ ઘટનાઓ થકી કવિઓ સમાજ, કુટુંબવ્યવસ્થા અને તેનું શ્રેષ્ઠ, સુંદર અને સંકુલ દર્શન દર્શાવે છે.

રવીન્દ્રનાથનાં આ મૌલિક અર્થઘટનો સ્વયમ્ એક આસ્વાદ્ય નિબંધ છે. એ કહે છે કે મનુષ્યનો અંતિમ આદર્શ સ્થાપવા માટે કવિએ આ મહાકાવ્ય રચ્યું છે. રામાયણમાં ગૃહસ્થાશ્રમને અત્યંત મહાન કરી એમાં પ્રસંગો અને ઘટનાઓ દ્વારા રામ અને સીતાનું દામ્પત્ય, ભ્રાતા અને ભ્રાતાનો આત્મત્યાગ, પિતા અને પુત્રીની આજ્ઞાંકિતતા, પતિ-પત્ની વચ્ચે અન્યોન્ય નિષ્ઠા, પ્રજા પ્રતિ રાજાનું કર્તવ્ય વગેરે દર્શાવ્યાં છે. ગૃહસંબંધો કોઈ પણ દેશના મહાકાવ્યમાં કદાચ આવી રીતે આવ્યા નથી. એટલે જ કહી શકાય કે રામાયણ ગૃહસ્થાશ્રમનું કાવ્ય છે. સમસ્ત સમાજને એ ધારણ કરી રાખશે.

રામાયણ કવિનું કાવ્યમાત્ર નથી. ભારતવર્ષનું આ રામાયણ કોઈ ઐતિહાસિક ગૌરવવંતી વાર્તામાત્ર નથી. પણ પરિપૂર્ણ મનુષ્યનું આદર્શ ચરિત્ર છે. ભારતવર્ષે આ આકાંક્ષા, અખૂટ આનંદ સહિત સદીઓથી સુણી છે. ત્રણ અદ્ભુત વાત

રવીન્દ્રનાથ કરે છે. આ કૃતિ અપૂર્ણ સત્યને પણ પ્રાધાન્ય આપે છે, એ આનંદની શોધ કરે છે અને એ પરિપૂર્ણ પરિણામમાં જ સમસ્ત ખંડતાનું અપૂર્વ સૌંદર્ય મેળવે છે. શ્રી અરવિન્દે એમના 'કાલિદાસ' નામના પુસ્તકના આરંભે ઉલ્લેખ કર્યો છે કે રામાયણ ભારતીય સંસ્કૃતિનો એક પાયો છે જેણે સમાજમાં મૂલ્યનિષ્ઠાનું ઉત્થાન સર્જ્યું છે. રામકથાના આજીવન સંશોધક અને અભ્યાસુ ફાધર કામિલ બુલ્કેને કોઈએ એક વાર પ્રશ્ન કર્યો હતો કે તમે રામાયણ વારંવાર કેમ વાંચો છો? એમણે ટૂંકો જવાબ આપેલો, "જેટલી વાર હું રામાયણ વાંચું છું એટલી વાર હું વધુ ને વધુ સારો મનુષ્ય બનું છું." રવીન્દ્રનાથે પણ રામાયણ ઉપરના આ નિબંધમાં નવો પ્રકાશ પડ્યો છે.

'કાવ્યની ઉપેક્ષિતા' નામના એક નિબંધમાં રવીન્દ્રનાથ એવી કાવ્યનારીને યાદ કરે છે જે મહાકાવ્યનાં અનેક દેદીપ્યમાન પાત્રોની વચ્ચે ચૂપચાપ તપ કરતી રહી છે. એવી એક નારી છે ઊર્મિલા. રવીન્દ્રનાથ કહે છે : સંસ્કૃત સાહિત્યમાં કાવ્યની યજ્ઞશાળાના છેડાના ખૂણામાં પડેલી જે કેટલીક અનાદતાઓ સાથે મારો પરિચય થયો છે તેમાં ઊર્મિલાને હું પ્રધાન સ્થાન આપું છું. ઊર્મિલાને એ અવ્યક્ત વેદનાની દેવી કહે છે. મહાકાવ્યના શિખર ઉપર એક વાર ઉદિત થઈ પછી દેખાઈ જ નહીં! એના ઉદયકાળની અસ્તકાળની કોઈએ પૂછ્યું પણ નથી. એ તો સદા નવવધૂ. સીતાની પાછળ એના બલિદાનને કોઈએ જોયું નથી. એણે ચૂપચાપ પોતાના સ્વામીનું દાન કર્યું છે. રામની માટે લક્ષ્મણે કરેલું સર્વ પ્રકારે આત્મવિલોપન આખો સંસાર જાણે છે પણ સીતાને માટે ઊર્મિલાએ કરેલું આત્મવિલોપન માત્ર કાવ્યમાં થયું છે. રવીન્દ્રનાથ કહે છે, રખે ને સીતાની સાથે ઊર્મિલાના પરમ દુઃખની કોઈ તુલના કરે એ ભયથી જ શું કવિએ સીતાના સ્વર્ગ-મંદિરમાંથી એ શોકથી ઊજળી મહાદુખિયારીને એકદમ બહાર કાઢી મૂકી છે કે શું! તેને જાનકીના પગ મૂકવાના બાજઠ આગળ બેસાડવાની પણ તે હિંમત કરતા નથી? રવીન્દ્ર-ચેતના એક હાંસિયામાં મુકાયેલા પાત્રને યાદ કરી તેને ઊંચા સ્થાને મૂકી વાસ્તવમાં આપણા પ્રાચીન સાહિત્યની વિચારધારાને આજના સમયમાં પ્રસ્તુત કરી નવા દૃષ્ટિકોણથી આલેખે છે.

કાલિદાસે શકુન્તલા-દુષ્યતના બાહ્ય મિલનને કષ્ટદાયક રસ્તેથી પસાર કરાવી અંતે પરમ મિલનમાં તેને સાર્થક કર્યું છે. અભિજ્ઞાન શાકુન્તલ નાટક વિશે યુરોપના મહાન કવિ ગેટેએ એક જ વાક્યમાં એનો પરિચય આપી દીધો કે શાકુન્તલમાં તરુણ વયના ફૂલનું, પરિણત વયના ફળનું અને મર્ત્ય તેમ જ સ્વર્ગનું એકસાથે દર્શન કરવું હોય તો આ નાટકમાં મળશે. રવીન્દ્રનાથને મન આ કૃતિ ભારતદર્શનનાં અનેક વિશિષ્ટ પાસાં ચીંધે છે. આ રચનાનાં ત્રણ મહત્ત્વનાં પાસાં છે. તપોવન,

શકુન્તલા અને દુષ્યંત. જાણે પ્રકૃતિ, સ્ત્રી અને પુરુષનું અનન્ય દર્શન અને તેના તાણાવાણાની અલૌકિક આસ્વાદ્ય લીલા અહીં રજૂ થાય છે અને તે થકી પ્રાચીન સાહિત્યની એક મહામૂલી અખૂટ સંપદા આપણને સાંપડે છે.

આરંભે વ્યક્ત થતું તપોવન શાંતિ અને સૌંદર્યથી છવાયેલું જાણે શકુન્તલાનું અંગ છે. આ નાટકમાં કાલિદાસે પ્રકૃતિનું નિરૂપણ માત્ર બહારથી નથી કર્યું, પરંતુ તેને શકુન્તલાના ચરિત્રમાં ગૂંથ્યું છે. અભિજ્ઞાન શાકુન્તલ નાટકમાં શકુન્તલા સાથેસાથે દુષ્યંત, પ્રિયંવદા, કણ્વ, અનસૂયા જેવાં પાત્રો છે પરંતુ કવિએ એક વિશેષ પાત્ર રચ્યું છે તે તપોવન પ્રકૃતિનું. મૂક પ્રકૃતિને કોઈ નાટકમાં આવું પ્રધાનસ્થાન કદાચ સંસ્કૃત સાહિત્ય સિવાય અન્ય કોઈ જગાએ સંભવિત નથી. પ્રકૃતિને મનુષ્યરૂપ આપી તેના મુખમાં વાચા મૂકી રૂપકનાટક રચી શકાય, પરંતુ પ્રકૃતિને પ્રકૃતિ જ રાખી તેને આવી સજીવ, આવી પ્રત્યક્ષ, આવી વ્યાપક, આવી અંતરંગ બનાવી દઈ, તે દ્વારા નાટકનું આટલું બધું કાર્ય સાધી લેવું તે બીજા કોઈ સાહિત્યમાં હશે કે કેમ? જ્યારે શકુન્તલા તપોવન ત્યજીને પતિગૃહે જાય છે ત્યારે પગલે પગલે પરસ્પર વિરહ અને વેદના અનુભવે છે. એક શ્લોકમાં કવિ કહે છે :

*દર્ભકવલ તજી, હરિણી નૃત્ય ત્યજીને, ઊભા રહ્યા મયૂરો*
*જો રહી, અશ્રુ સારતી લતા, ગેરવી પાંડુ પાંડુ પત્રો!*

તરુ-લતા-મૃગ-પક્ષી સઘળાંની વિદાય લેતી શકુન્તલાનું પાછળથી વસ્ત્ર પકડી રાખે છે, ત્યારે કોણ એવા પ્રશ્નના જવાબમાં કણ્વ કહે છે :

*દુર્ભાંકુરે મુખ ઘવાતું રુઝવવાને,*
*ઈંગુદીતેલ રહી સિંચતી તું જ જેને;*
*સામાની મૂઠી ખવરાવી ઉછેરિયો જે,*
*તે પુત્રતુલ્ય મૃગ પૂંઠ તારી મેલે!*

વન અને મનુષ્યનો આવો સંબંધ અનન્ય છે, કારણ કે મનુષ્ય અને નિસર્ગનું આવું મિલન પ્રાયઃ ભારતવર્ષના કેન્દ્રમાં રહ્યું છે. તપોવન સમગ્ર ભારતની વન, લતા, ફળ, ફૂલમાત્ર નહીં તેમાં રહેતા પ્રત્યેક જન પ્રાણ તેનો ભાગ હોય તે છે. તેમાં પ્રકૃતિ અને તપસ્યા, સૌંદર્ય અને સંયમ એકસાથે ભળેલાં છે. તપોવનનો આ આગવો અર્થ અને ભાવ આપણા પ્રાચીન સાહિત્યનો અદકેરો અવાજ છે.

શકુન્તલાના ચરિત્ર દ્વારા કાલિદાસે આ દેશની નારીચેતનાને એની વિશિષ્ટ છબિ વડે અંકિત કરી છે. શકુન્તલા સરલ અરણ્યમૃગી શી, ઝરણાની જલધારા શી, મલિનતાના સંપર્કમાં પણ અનાયાસ જ નિર્મળ છે. એનું ચાંચલ્ય અને

ધૈર્ય, સ્વચ્છંદ અને સંયમનું સાયુજ્ય પ્રગટે છે. એક તરફ એ પ્રકૃતિધર્મને અનુસરનારી છે તો બીજી તરફ અંતરના ઊંડાણમાં રહેલો સ્ત્રી સ્વભાવ સંયત અને સહિષ્ણુ, એકાગ્ર, તપઃપરાયણ અને કલ્યાણધર્મના આદેશથી સંપૂર્ણ નિયંત્રણ તળે છે.

રવીન્દ્રનાથ એક અનેરી વાત કરે છે કે શકુન્તલાના યૌવનમસ્તાના આકસ્મિક તોફાન સંદર્ભે તો એમ કહી શકાય કે પ્રાપ્તિનો ઉત્કૃષ્ટ માર્ગ સાધના છે, તપસ્યા છે. અન્યથા જે અનાયાસ આવ્યું, અનાયાસ જ જતું રહ્યું, આવેશની મૂઠીમાં પકડાય તે પલકમાં સરી પડે છે. શકુન્તલાએ અપરાધની ક્ષણોમાં પણ સાર્થકતા જોઈ છે. સંસારમાં વિધાતાની યોજનામાં પાપને પણ મંગલકાર્યનું સાધન કરવામાં આવે છે. આ નાટક તેનું એક દૃષ્ટાંત છે. શાકુન્તલ નાટક દ્વારા જાણે એ પણ વ્યક્ત થાય છે કે જુવાનીના સઘળા વિક્ષેપો અને વિક્ષોભ અનેક અપરાધના આઘાતનો, અનુતાપનો દાહ જીવનના પૂર્ણ વિકાસ માટે આવશ્યક છે. પાપ-અપરાધ ક્ષણભંગુરતાનો નાશ કરે છે અને અનુતાપ-વેદના ચિરસ્થાયી સર્જે છે. પાપને હૃદયના ભીતરમાંથી પોતાના જ અગ્નિ વડે પ્રજવાળ્યું છે. જ્યારે સમસ્ત અમંગળનો નિઃશેષ અગ્નિસંસ્કાર થયો ત્યારે નાટક સમાપ્ત થાય છે.

‘કાવ્યની ઉપેક્ષિતા’ નામના નિબંધમાં પણ એ સંસ્કૃત કાવ્યની બે તપસ્વિનીઓને વિશે કહે છે : આપણા મનઃપ્રદેશમાં તપોવન રચી વાસ કરે છે. પ્રિયંવદા અને અનસૂયા. સાસરે જતી શકુન્તલાને વિદાય દઈ રસ્તે રડતી રડતી તેઓ પાછી ફરી. નાટકમાં પ્રવેશ કર્યો નહીં અને એકદમ આપણા હૃદયમાં આવી તેમણે આશ્રય લીધો. એકલી શકુન્તલા તો એકતૃતીયાંશ હતી! લાગે છે કે રાજસભામાં દુષ્યંત શકુન્તલાને ઓળખી શકતો નથી તેનું કારણ સાથે અનસૂયા અને પ્રિયંવદા ન હતી! આમ જ રવીન્દ્રનાથ સંસ્કૃત સાહિત્યમાં હજુ એક બીજી અનાદતાને યાદ કરે છે તે છે કાદમ્બરીની કથામાંની પત્રલેખા. વીસરાયેલા, ત્યજાયેલાં આ કાવ્યપાત્રો પ્રત્યે રવીન્દ્રનાથ અનુકંપા વ્યક્ત કરી છેવટે તો આપણા પ્રાચીન વારસા માટે અહોભાવ જ વ્યક્ત કરતા હશે ને?

દુષ્યંત અનુતાપથી પ્રજળે છે. જાણે અનુતાપ એ જ તપસ્યા. શકુન્તલા દુષ્યંત પાસે દીર્ઘ-દુઃસહ તપસ્યા કરાવે છે. એ પ્રકૃતિની એક લાક્ષણિક વ્યક્ત થાય છે કે વિશ્વપ્રકૃતિ બહારથી શાંત, સુંદર છે; પરંતુ તેની પ્રચંડ શક્તિ દિનપ્રતિદિન અંતરમાં કાર્ય કરે છે. આ પાત્રની પતનની મર્ત્ય માટીને જરાય ગુપ્ત રાખી નથી. એ કવિની સરળતા સિદ્ધિ અને કલાકૌશલ્યતા છે. નાટકમાં પૂર્વમિલન અને ઉત્તરમિલન છે. પહેલા અંકમાં તપોવનનું પાવન સૌંદર્ય છે. સાથે મર્ત્યલોકીય

ચંચળ સૌંદર્ય પણ છે જે અંતે ઉત્તરમિલનમાં સંક્રાંત થાય છે. આ કવિ પ્રેમને નિસર્ગસૌંદર્યના પ્રદેશમાંથી મંગલસૌંદર્યના અક્ષય સ્વર્ગધામમાં સ્થાપવાનું કાર્ય કરે છે. છેવટે કલ્યાણની ભાવનાને જ સ્થાપે છે.

'પ્રાચીન સાહિત્ય' અંતર્ગત રવીન્દ્રનાથે બીજા કેટલાક નિબંધોનું પણ સર્જન કરેલું છે. જેમાં મુખ્યત્વે મેઘદૂત, કુમારસંભવ અને શકુન્તલા, કાદમ્બરી-ચિત્રા, ધમ્મપદમ્, વગેરે છે.

આ ઉપરાંત એમના 'કથા ઓ કહાની'નાં કાવ્યોમાં પણ ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ દર્શન જોવા મળે છે. રવીન્દ્રનાથે આ કાવ્યોના વિષયવસ્તુને મુખ્યત્વે ઉપનિષદ, બૌદ્ધ જાતક કથાઓ, મરાઠા કે રાજસ્થાન ઇતિહાસમાંથી, મધ્યકાલીન સંતોના જીવનમાંથી, પ્રસંગો લઈને એને નવા અર્થે - નવા સંદર્ભે રચ્યાં છે. ઉમાશંકર જોશી આ કાવ્યોને રવીન્દ્રનાથનું 'હૃદયનું દર્શન' કહે છે.

સત્યકામ જાબાલીની કથાને કાવ્યમાં ગૂંથે છે અને અંતે ગુરુ સત્યકામની સત્યપ્રિયતાને સ્વીકારે છે અને કવિ કહે છે :

*અબ્રાહ્મણ નહીં તુમિ તાત*
*તુમિ દ્વિજોત્તમ, તુમિ સત્યકુલજાત.*

જીવનમૂલ્યોને પ્રગટ કરતાં આ કાવ્યોમાં પ્રાચીન સાહિત્યનો સંસ્પર્શ જોવા મળે છે.

એ જ રીતે બૌદ્ધ કથાઓ દ્વારા પણ જે જીવનમૂલ્યોની વાત એમણે કરી છે તે પણ પ્રાચીન સાહિત્યને એક નવા સ્વરૂપે ઉદ્ઘાટિત કરે છે. 'શ્રેષ્ઠ ભિક્ષા' નામના કાવ્યમાં બુદ્ધનો શિષ્ય અનાથપિંડક શ્રાવસ્તિ નગરીમાં ભિક્ષામાં મૂલ્યવાન આભૂષણ કે રત્નો નથી સ્વીકારતો પણ નગરને અંતે ઝાડીમાં સંતાયેલી એકવસ્ત્રા સ્ત્રીનું એકમાત્ર વસ્ત્ર ભિક્ષામાં સહર્ષ સ્વીકારે છે. પોતાનું સર્વસ્વ આપી દે તે જ શ્રેષ્ઠ ભિક્ષા હોઈ શકે. બુદ્ધનાં ચરણોમાં અર્પણ કરતાં એ ધન્ય થઈ જાય છે. ભારતવર્ષનું એક મહાન મૂલ્ય, શ્રેષ્ઠતાનું માપ જોવા મળે છે.

રવીન્દ્રનાથ 'ધમ્મપદમ્' નિબંધમાં એક નિરીક્ષણ રજૂ કરે છે. ભારતીય તત્ત્વજ્ઞાન જેટલે દૂર પહોંચ્યું છે એટલે દૂર ભરતવર્ષ આચારને પણ ખેંચી ગયું છે. એ કહે છે ભરતવર્ષે ઉપચાર અને આચારમાં ભેદ માન્યો નથી. આપણી પરંપરામાં એથી જ કર્મ એ જ ધર્મ છે. વાસ્તવમાં તો મુક્તિના ઉદ્દેશથી કર્મ કરવું એ જ સાચો ધર્મ છે. રવીન્દ્રનાથ માને છે કે ભગવદ્ગીતામાં પ્રગટ થતા વિચારો

જેમ ભરતવર્ષ પોતાનું સ્વરૂપ પ્રગટ કરવામાં જોવા મળે છે તેવી જ રીતે ધમ્મપદ ગ્રંથમાં ભારતના મનનો પરિચય આપણને થાય છે.

એક નિબંધના અંતે પ્રાચીન સાહિત્યના સંદર્ભે એ કહે છે :

જેઓએ પરિપૂર્ણ પરિણામમાં જ સમસ્ત ખંડતાનું અપૂર્વ સૌંદર્ય, સમસ્ત વિરોધની શાંતિ અનુભવવાની સાધના કરી છે તેઓનું ઋણ પણ કોઈ કાળે અદા થઈ રહેનાર નથી. તેઓ ભુલાઈ જશે તો, તેઓનો ઉપદેશ વિસારે મુકાશે તો, માનવ સંસ્કૃતિ પોતાની ધૂળ અને ધુમાડાથી રૂંધાયેલાં કારખાનાંઓની ગીચ વસ્તીમાં અને નિસાસાથી ઘેરાયેલા વાતાવરણમાં પળે પળે પીડાઈ, શોષાઈ મરી રહેશે. ઉપર કહી તેવી પિપાસાવાળાઓનો ચિરપરિચય રામાયણ આપતું રહ્યું છે. એમાં જે ભ્રાતૃપ્રેમ, જે સત્યપરતા, જે પતિવ્રત્ય, જે પ્રભુભક્તિ વર્ણવાયાં છે તેની પ્રતિ જો સરસ શ્રદ્ધા અને અંતરની ભક્તિ આપણે રાખી શકીએ તો આપણાં કારખાનાંઓની બારીઓમાંથી પણ મહાસમુદ્રના નિર્મળ વાયુની લહરીઓને પ્રવેશનો માર્ગ મળશે.

(જાન્યુઆરી 1904ના ‘બંગ દર્શન’માં પ્રકાશિત)

## સંદર્ભ સાહિત્ય

1. ‘રવીન્દ્ર નિબંધમાલા’ ભાગ 2, સાહિત્ય અકાદમી, દિલ્હી
2. An Artist In Life, Niharranjan Ray, University of Kerala, Trivandrum
3. ‘પ્રાચીન સાહિત્ય’, રવીન્દ્રનાથ ઠાકુર, અનુ. મહાદેવ દેસાઈ, નરહરિ પરીખ, ગૂજરાત સાહિત્ય મંદિર, અમદાવાદ

●●●

# રવીન્દ્રનાથ : માનસસુંદરીથી જીવન-દેવતા

રવીન્દ્રનાથે 'વિશ્વ-પરિચય' (Our Universe) નામનું વિજ્ઞાનવિષયક એક પુસ્તક લખ્યું છે. તેનો અંગ્રેજીમાં અનુવાદ ઇન્દ્ર દત્તે કર્યો છે અને તેમાં પ્રસ્તાવના માલ્કમ મૅક્ડોનાલ્ડે (Malcolm Mcdonald) લખી છે. આ પ્રસ્તાવનામાં ઇન્દ્ર દત્તે લખેલા પુસ્તક A Tagore Testamentમાં એમણે રવીન્દ્રનાથ સંદર્ભે બે મહત્ત્વનાં નિરીક્ષણ કર્યાં છે. રવીન્દ્રનાથમાં એમને બે વિશિષ્ટ ગુણ દેખાય છે. એક, એમને પોતાના જીવનમાં અમર્યાદિત આનંદનો અનુભવ હતો અને બીજું એમની અંદર અજ્ઞાત અને અદૃશ્ય પ્રતિ અપ્રતિમ સજાગ દૃષ્ટિ હતી જે એમના સર્જનનો એક મહત્ત્વનો સ્રોત હતી. જેને રવીન્દ્રનાથ 'એ કે જે મારા ચક્ષુ પાછળ છે' (He who sits behind my eyes.) એમ કહેતા. આ અંતરચક્ષુ એક સર્જકની આગવી સર્જનદૃષ્ટિ હોય છે. જે એમનામાં સહજ અને તીવ્ર હતી. આ જ પુસ્તકમાં આરંભે એમનો એક વિચાર ટાંકવામાં આવ્યો છે, "જે કોઈ ઇચ્છે તે ભલે બંધ આંખે આ વિશ્વનું ધ્યાન ધરતાં એ તપાસવા કે આ વિશ્વ ભ્રમ છે કે વાસ્તવ, પણ હું તો મારી અતૃપ્ત નજરે આ દુનિયામાં જ્યાં સુધી પ્રકાશ છે ત્યાં સુધી ખુલ્લી આંખે વિશ્વ જોતો રહીશ."

રવીન્દ્રનાથ એક એવા કવિ છે જેમણે ખુલ્લી આંખે હૃદયના ઊંડાણથી આ વિશ્વના વિસ્મયને, રહસ્યોને એના સૌંદર્યની અભિવ્યક્તિને પૂરી જાગ્રતતાથી પોતાનાં કાવ્યોમાં પ્રયોજ્યાં છે. તેથી એમના માટે બે વિશેષ સંદર્ભો જોઈ શકાય છે. એક, આ કવિમાં ઉત્તરોત્તર સતત એક પછી એક કાવ્યસંગ્રહમાં ઉત્ક્રાંત થતી સર્જકચેતના. બીજો, એક અતૃપ્ત અવિરત શોધ (Quest) એમની કવિ-ચેતનામાં સતત કાર્યરત રહેલી. એમના પચાસેક કાવ્યસંગ્રહમાં એક ઉચ્ચ કવિ-ચેતના સતત અને સાતત્યપણે વિવિધ સર્જનાત્મક આવિષ્કારો માટે કાર્યરત રહેલી.

રવીન્દ્રનાથ વિશ્વના એક ઉત્તમ ઊર્મિ કવિ છે. પ્રેમ અને પ્રકૃતિનાં વિવિધ રૂપો દ્વારા, સ્વથી સમષ્ટિ સુધી એમની કવિ-ચેતના રમમાણ રહી છે. આ કવિ નવા નવા આરંભો કરનારા સર્જક છે. એમનો પ્રથમ ઠોસ સર્જનાત્મક ઉન્મેષ (Creative Impales) તો 'પ્રભાત-સંગીત' કાવ્યસંગ્રહના કાવ્ય 'નિર્ઝરેર સ્વપ્નભંગ'માં ઉદ્‌ભવે છે. સામાન્ય રીતે એમની કાવ્યયાત્રા 'નિર્ઝરેર સ્વપ્નભંગ'થી 'સન્મુખે શાંતિ પારાવાર'ની ગણવામાં આવે છે. પરંતુ આ મહાકવિની કાવ્યયાત્રા એમની અવિરત શોધ સંદર્ભે 'નિર્ઝરેર સ્વપ્નભંગ'થી 'પ્રથમ દિનેર સૂર્ય' પણ લેખી શકાય. જે સદા નૂતન હોય તે જ શ્રેષ્ઠ કવિ હોઈ શકે ને? પ્રથમ કાવ્યયાત્રાનો નિર્દેશ 'નિર્ઝરેર સ્વપ્નભંગ'થી 'સન્મુખે શાંતિ પારાવાર' કદાચ એક દૃષ્ટિકોણ હોઈ શકે જ્યારે બીજો દૃષ્ટિકોણ 'નિર્ઝરેર સ્વપ્નભંગ'થી 'પ્રથમ દિનેર સૂર્ય' એક કળાકાર (artist)નો હોઈ શકે. એમનાં કાવ્યોમાં એક અવિરત શોધ (Quest) જીવનની અંતિમ ક્ષણ સુધી ચાલુ રહેલી, જાણે કે કવિની સત્ય-શોધ કદી સમાપ્ત થઈ નહોતી. એમનાં સીમાચિહ્ન સમાં ત્રણ કાવ્યો આ સંદર્ભે તપાસવા જેવાં છે.

'સોનાર તરી' કાવ્યમાં સોનાની નૌકામાં ખેડૂત બધુંય ધાન ભરી દે છે અને પછી પોતાને પણ નૌકામાં લઈ લેવા કહે છે. ત્યારે સરી જતી સોનાની નૌકાનો નાવિક બોલી ઊઠે છે "જગા નથી, જગા નથી". નૌકા મૂળે નાની છે અને સુવર્ણ ધાન્યથી ભરાઈ ગઈ છે. 'બલાકા' કાવ્યમાં કવિ બલાકા પક્ષીના પ્રતીકથી વિશ્વની ગતિશીલતા નિર્દેશે છે. રાત-દિવસ, પ્રકાશ અને અંધકારમાં અવિરત ઊડતા અને કોઈ અજ્ઞાત કિનારેથી અન્ય કોઈ અજ્ઞાત કિનારે જવાને ગતિ કરી રહેલા પંખીની પાંખોનો ધ્વનિ સંભળાય છે. નિખિલ ચરાચરની શૂન્યતા ઊડી રહેલાં અસંખ્ય પંખીઓની પાંખોના સ્વરથી સ્પંદિત થઈ ઊઠે છે. "અહીં નહીં, બીજે ક્યાંક, બીજે ક્યાંક, બીજે કોઈ ઠેકાણે." 'પ્રથમ દિનેર સૂર્ય' કાવ્યના અંતમાં, અંતિમ દિવસના સૂર્યે પશ્ચિમ સાગરતીરે નિઃસ્તબ્ધ સંધ્યામાં અંતિમ પ્રશ્ન ઉચ્ચાર્યો – તું કોણ છે? કવિ કોઈ જ ઉત્તર પામતા નથી. કવિ કોઈ ઉત્તર ન પામીને એમની શોધયાત્રાનો ઉત્તર પામે છે. એમની કાવ્યયાત્રાના આ ત્રણે મહત્ત્વના પડાવો સમાં આ ત્રણે કાવ્યો જાણે સત્ય-શોધનનાં છે, આ યાત્રા એક સત્યથી બીજા સત્ય ભણી દોરી જતી અવિરત સત્ય-શોધયાત્રા છે. આ સતત નૂતન વિસ્મયપૂર્ણ જગત, તેનાં પરમ રહસ્યો જાણવાં એ જાણે કવિની સાચી નિસબત છે. તેથી એમની કાવ્યસૃષ્ટિમાં નિરંતર ઉત્ક્રાંત થતી કવિચેતનાનો આલેખ જોવા મળે છે.

રવીન્દ્રનાથની કાવ્યસર્જનની પ્રક્રિયામાંથી ઉદ્‌ભવેલી અને સતત ઉત્ક્રાંત થતી સર્જનાત્મકતાથી મુખ્યત્વે ચાર કાવ્યવિભાવનાઓ એમનાં કાવ્યોમાં સર્જાઈ છે. માનસ-સુંદરી (Ideal-Beauty), જીવન-દેવતા (Life's Deity), વિશ્વ-જીવન

(Universal life) અને મહામનુષ્ય (Supreme Person) એટલે જ એમની કાવ્યસૃષ્ટિમાં નિતાંત સૌંદર્યનું દર્શન પામી શકાય છે. પ્રકૃતિ અને પ્રેમસભર સમગ્ર વિશ્વની સંવેદનાઓને પોતાની અંદર સમાવતું કવિભીતર રમણીય રીતે એમની રચનાઓમાં પ્રતિબિમ્બિત થાય છે. An Artist in Lifeના લેખક રવીન્દ્રનાથનાં જીવન અને કવનના શ્રેષ્ઠ વિવેચક નિહારરંજન રાયે આ આખી કાવ્યસર્જન યાત્રાની ખૂબીઓને બહુ સરસ રીતે મૂકી છે.

આરંભે એમનાં કાવ્યોમાં અરૂપ (formless), અસીમ (infinite) અને વૈશ્વિકતા (universal)ના વિચારો, અનુભૂતિઓ સ્થળરૂપે અને આકારે એક આદર્શ નારી (Ideal-Woman)ના રૂપે ‘માનસી’માં રજૂ થાય છે.

પ્રથમ તબક્કામાં આ આદર્શ નારીનું રૂપાંતર માનસ-સુંદરી (Ideal-Beauty)માં થયું જેમાં હજુ રહસ્યમય નારી તરીકેનો આકાર ક્યાંક ક્યાંક રહ્યો હતો.

બીજા તબક્કામાં આ રહસ્યમય નારી, માનસ-સુંદરીનું રૂપાંતર જીવન-દેવતા (Life’s-Deity)માં થયું. ઉમાશંકર જોશીના મતે રવીન્દ્રનાથ પોતાના અંતરતમ પુરુષને જીવન-દેવતા કહેતા.

ત્રીજા તબક્કામાં આ વૈયક્તિક જીવન-દેવતા, વિશ્વ-દેવતા (World-Deity)માં રૂપાંતર પામે છે. એમના કાવ્યસંગ્રહોના તબક્કાઓમાં એ વાત સ્પષ્ટ વર્તાઈ આવે છે.

અંતિમ તબક્કામાં આ વિશ્વ-દેવતાનું રૂપાંતર મહામનુષ્ય (Supreme Person)માં રૂપાંતર પામે છે. એટલે જ ઉમાશંકર જોશી કહેતા “ટાગોરનું કેન્દ્રીય દર્શન, માનવમાંથી વિશ્વમાનવની ઉત્ક્રાંતિનું છે.”

એક અતૃપ્ત અવિરત શોધ એમની કવિ-ચેતનામાં સતત જાગતી રહેલી. એમના તમામ કાવ્યસંગ્રહોમાં આ ઉત્ક્રાંત કવિ-ચિત્તની સૂક્ષ્મ ગતિ સાથેસાથે દર્શનની એકસૂત્રતા પણ અવગત થાય છે. સ્વથી સમષ્ટિ સુધીની, એકરૂપ પામતી કવિ-દષ્ટિમાં પહેલી કાવ્ય-વિભાવનાનો સર્જનાત્મક ઉન્મેષ, ‘માનસ-સુંદરી’ની વિભાવનામાં પરિણમે છે. તેનો ‘માનસી’માં પ્રચ્છન્નપણે આરંભ થતો દેખાય છે. ‘સોનાર તરી’ અને ‘ચિત્રા’ કાવ્યસંગ્રહમાં પૂર્ણ રીતે અભિવ્યક્ત થાય છે. પણ એમના કાવ્યસર્જનમાં સમય જતાં, ‘માનસ-સુંદરી’ની આ અનુભૂતિ સહજ રીતે ‘જીવન-દેવતા’માં રૂપાંતર પામે છે અને એ પછીથી એ ‘વિશ્વજીવન’માં વિસ્તાર પામે છે. એમને આ નિગૂઢ અનુભૂતિનો નવોન્મેષ તો ‘પ્રભાત-સંગીત’ના કાવ્ય ‘નિર્ઝરેર સ્વપ્નભંગ’થી થાય છે.

## નિર્ઝરેર સ્વપ્નભંગ :

"આજે આ પ્રભાતે રવિનાં કિરણોએ કઈ રીતે પ્રાણમાં પ્રવેશ કર્યો? કઈ પેરે પ્રભાતપંખીઓના ગાને ગુફાના અંધારામાં પ્રવેશ કર્યો? મને ખબર નથી શા માટે આટલા દિવસે પ્રાણ જાગી ઊઠ્યો. ... કોણ જાણે આજે શું થયું, પ્રાણ જાગી ઊઠ્યો. દૂરથી જાણે મહાસાગરનું ગાન સાંભળું છું. ઓ રે, મારી ચારેકોર આ ઘોર કારાગાર શાનું છે? ઘા ઉપર ઘા કર, કારાગરને ભાંગી નાખ, ભાંગી નાખ. ઓ રે, આજે પંખીઓ શાં ગીત ગાયાં છે? રવિનાં કિરણો આવ્યાં છે."

પરંતુ આ પહેલાં આ કાવ્ય-વિભાવનાની પાર્શ્વભૂમિ એમને થયેલા બે અનુભવોએ પણ રચી હતી. પહેલો અનુભવ સુદૂર સ્ટ્રીટના ઘરની બાલ્કનીમાં તે પૂર્વાભિમુખ ઊભા રહી બગીચામાં જોતા હતા ત્યારે થયેલો. એક પત્રમાં આ અનુભવ વર્ણવતાં એ કહે છે :

*મારા બાળપણની યાદો અસ્પષ્ટ અને ઝાંખી હોવા છતાં મને બરાબર યાદ છે કે કોઈક સવાર એવી ઊગતી કે કોઈ પણ કારણ વિના મારો પ્રાણ અચાનક અત્યંત આનંદની લાગણી અનુભવતો હતો. જગતના ખૂણેખૂણામાં જાણે એક રહસ્ય છુપાયું હોય તેમ લાગતું. કોઠારમાં લાકડાના ટુકડાથી માટીને ખોદતો - જાણે કાંઈક શોધી રહ્યો હોઉં તેમ. સૌંદર્ય અને સુગંધમાંથી વિવિધ આકારો લેતી અર્ધપરિચિત મહાકાય હસ્તીની સોબત, માટીમાં થતી, ગતિવિધિ, મારા ઘરના ચોગાનમાં આવેલી નારિયેળીઓ, તળાવને કિનારે આવેલું વડનું ઝાડ અને પાણીમાં પડતો તેનો પડછાયો, શેરીમાંથી આવતા અવાજો, સમડીનો સાદ, બગીચાની સુગંધ – આ બધું જ મને અત્યંત પ્રિય હતું. (અનુ. શૈલેશ પારેખ)*

બીજા એક પત્રમાં એક બીજો અનુભવ ટાંકે છે :

*પ્રકૃતિની સાથે ઘનિષ્ઠ સંબંધ બાંધવાથી આપણે મહાસુખ માણી શકીએ છીએ. ઘાસ, પવન, ચકરાવો લેતા તડકો-છાંયો, ગ્રહ-નક્ષત્રોની ગતિ અને ધરતી ઉપર આકાર લઈ રહેલી જીવનની પરંપરા – આ બધું જ આપણી નાડી સાથે તાલ મિલાવી રહે છે. જગત અને આપણે એક જ તાલમાં એકતાન છીએ અને આપણું મન તેની ગતિ અને સંગીતને પ્રતિધ્વનિ આપે છે. આપણામાં અને જડ જગતમાં કોઈ જ ભેદ નથી, કારણ કે આપણે સહઅસ્તિત્વ ધરાવીએ છીએ. જો તેમ ન હોત તો બે ભિન્ન જગતની રચના થઈ હોત. (અનુ. શૈલેશ પારેખ)*

નાનપણની આ રહસ્યમય સૃષ્ટિ અને પ્રકૃતિ સાથેના ઐક્યના આ અનુભવો

એમના ચિત્તમાં જાણે Crystalized થયા હશે અને આ વિશ્વની સર્જનલીલામાં એકાકાર થતી એમની વૈયક્તિક ચેતના, પ્રેમ અને પ્રકૃતિ થકી સંક્રાંત થતી ગઈ હશે. આ રહસ્યમય અનુભૂતિને રમણીય રીતે પ્રત્યક્ષ કરવી એ રવીન્દ્રનાં કાવ્યોની વિશિષ્ટતા છે. માનસી (1880)ના પ્રાગટ્ય પહેલાં એમનાં ભાભી કાદંબરીદેવીનું આકસ્મિક મૃત્યુ થઈ ચૂક્યું હતું. એમની સાથેના પ્રેમાળ અનુબંધે કદાચ સક્રિય એવી કલ્પનસૃષ્ટિ ધીરે ધીરે એમના કવિ-ચિત્તમાં પ્રગાઢ થતી ગઈ હશે, જાણે વ્યક્તિપ્રેમ તત્ત્વનો આંતરિક આવિષ્કાર, નવી ભૂમિકા રચે છે. ધીરેધીરે ચિત્તની આ પ્રેમમૂર્તિ છેવટે અધિષ્ઠાત્રી દેવીમાં રૂપાંતર પામે છે. 'માનસી' કાવ્યસંગ્રહમાં પેલી આદર્શ નારી (Ideal Women) હવે અનંત અને આકારવિહીન વિશ્વવિચારનું સઘન રૂપ, માનસ-સુંદરીમાં આકારિત થાય છે.

આ બંને કાવ્ય-વિભાવનાઓના કાવ્યત્વને પામવા માટે મહત્ત્વના કાવ્યસંગ્રહ અને તેમાં આવેલાં મહત્ત્વનાં કાવ્યો આ મુજબ છે :

1. *આરંભનો સર્જનાત્મક ઉન્મેષ; કાવ્યસંગ્રહ 'પ્રભાત સંગીત'નું કાવ્ય 'નિર્ઝરેર સ્વપ્નભંગ'*
2. *માનસ-સુંદરીની આરંભની ભૂમિકારૂપ 'માનસી' કાવ્યસંગ્રહનાં કાવ્યો 'ભેટ' અને 'મારું સુખ'*
3. *મુખ્ય કાવ્યસંગ્રહો 'સોનાર તરી'નાં કાવ્યો 'માનસ-સુંદરી' અને 'ઝૂલો' અને 'ચિત્રા' કાવ્યસંગ્રહનાં કાવ્યો 'નિરુદ્દેશે', 'અંતર્યામી' અને 'જીવનદેવતા'*
4. *આ તબક્કાના અંતના કાવ્યસંગ્રહના 'ચૈતાલી', 'કલ્પન', 'પૂરબી'નાં કેટલાંક કાવ્યો*

'માનસી'ના 'ભેટ' (Gift) અને 'મારું સુખ' કાવ્યમાં, માનસ-સુંદરીની આ વિભાવના સ્પષ્ટ અને સહજ આકાર પામવાની શરૂઆત થાય છે. જીવન ભીતરથી કેવું ધબકે છે અને મનમાં રહેલી કલ્પનાની દેવી કેવી રીતે બહારના જગતના રહસ્યમય સંગીતને પોતાના હૃદયમાં અંદર સમાવે છે તે 'ભેટ' કાવ્યમાં વ્યક્ત થાય છે.

**ભેટ :**

"જગત, દૃષ્ટિ, ધ્વનિ અને સુગંધમાં કેટલું બધું સૌંદર્ય આપે છે કે જે લાચાર પ્રેમીની જેમ રડે છે, દયનીય રાગમાં જે મારા હૃદયના દ્વારે. આ રહસ્યમય સંગીત પ્રેમીના વિચારની અભીપ્સા કરે છે.

"કવિના અંતરતમ હૃદયમાં. તેની ઇચ્છાના પૂર્ણ રૂપે, ડગુમગુ પગલે આવે છે. હું એ સ્વર્ગીય આનંદની ક્ષણો તને સમર્પિત કરું છું મારી શ્રેષ્ઠ ભેટ તરીકે."

કવિનો સૌથી મોટો આનંદ બાહ્ય જગત અને આંતરિક જગતના સાયુજ્યથી સધાયો છે. 'માનસી'ના છેલ્લા કાવ્યમાં 'મારું સુખ' (Amar Sukh)માં આ અનંત વિશ્વ અને આંતરિક જગત એકાકાર બને છે.

**મારું સુખ :**

*તમે માનો છો કે તમે મારી સીમારેખાને પામી શકશો*
*અને આદિથી અંત સુધી વાંચેલા પુસ્તકની જેમ મને ત્યજી દેશો?*
હું અમર્યાદિત છું
મારી જેટલી નજીક આવશો એટલો મને પામી શકશો.
તમે ભરી શકશો આ વિશ્વ
મારી જાત સાથે.
તમારા જીવનની તમામ આશાઓ,
મારામાં સમાય છે.
તમારે જરૂર છે માનવાની કે
મારું પોતાનું જીવન ધરાવે છે
કેટલો બધો પ્રેમ.

આટલી પૂર્વભૂમિકા પછી, આ આખી કાવ્ય-વિભાવના પ્રક્રિયા સંદર્ભે, 'સોનાર તરી'નું 'માનસ-સુંદરી' અને 'ઝૂલો' કાવ્ય, 'ચિત્રા'નાં 'નિરૂદ્દેશે', 'અંતરયામી' અને 'જીવનદેવતા' કાવ્યોનું ખૂબ મહત્ત્વ છે.

'સોનાર તરી'નું દીર્ઘકાવ્ય 'માનસ-સુંદરી' આ પ્રેમમયી, આનંદમયી, જીવન અધિષ્ઠાત્રી કવિચિત્તમાં સ્થાન પામી છે, અને સર્જનની સ્રોત બની છે. બાળપણની સખી, યૌવનની પ્રેમલ નારીમાં કેવું રૂપાંતર પામી માનસ-સુંદરરૂપે કાવ્ય દ્વારા આજે પણ ભાવકને તરબોળ કરે છે તે 'માનસ-સુંદરી' નામના શીર્ષકવાળા કાવ્યમાં પ્રગટપણે વ્યક્ત થાય છે.

**માનસ-સુંદરી :**

*કશું કામ નથી, બાકીનું બીજું બધું દે ને ફગાવી*
*છન્દોબદ્ધ ગૂંથણીએ આવ પ્રિયે તું આવ તું લસી.*
*આજન્મ સાધના ધનની સુંદરી મારી*
*કવિતા કલ્પલતા આવ, તું કેવળ એક પાસે મારી.*

*મૂકી દઈ વીણા, આવ માનસસુંદરી,*
*મુક્ત બે હસ્તે આલિંગને લે ને તું મને ભીડી;*
*જડી દે ને કંઠે - મૃણાલના સ્પર્શે*
*રોમાંચ અંકુરાયે હર્ષ જાગે મર્માન્તે–*
*ચંચલ વક્ષ કમ્પે છલોછલ ચક્ષુએ*
*મુગ્ધ તનુ મરી મરી જાય : અંગના સીમાન્તે.*
*અંતર કેવળ પોતે જ ઊછળી ઊછળી ઊઠે*
*આનંદે." (અનુ. નલિન પટેલ)*

■

*હે, મારા હૃદયની દેવી,*
*તું રમતનું મેદાન છોડી આવી હૃદયમાં ભવ્ય રીતે,*
*તું જ્યાં વિરાજે છે મારા અંતરમાં*
*મારી સામ્રાજ્ઞી.*
*તું મારી બાળસખી (playmate)*
*પણ હવે તું બની છે મારા આત્માની સખી (soulmate),*
*મારા જીવનની દેવી.*

બાળસખી (પ્લેમેટ)નું, આત્માની સખી (સૉલમેટ)માં રૂપાંતર, મરણ દ્વારાય પ્રેમનું વિસ્તરણ જુએ છે અને તેથી કવિ પ્રિય પાત્રના આ પરમ સૌંદર્યને, શુદ્ધ સંવેદનને, જગતમાં સર્વત્ર અને સમગ્રપણે અનુભવે છે. આ ચેતનાનો વિસ્તાર થાય છે.

*તું સ્વર્ગ અને ધરતી વચ્ચે શાશ્વતીમાં ભમતી,*
*સાંજના સોનેરી અજવાશમાં તારા વસ્ત્રનો છેડો સાંજની સોનેરી*
*ઝાંયમાં ડુબાડતી.*
*ઓગળતા સોનેરી પ્રભાતમાંથી તારો કમરબંધ રચતી,*
*ભેળવતી અને પાથરતી તારા સૌંદર્યનું પ્રવાહી,*
*અને વસંતની લહેરોની સુગંધિત સુવાસમાં ઝરતી તારી ઇચ્છાની*
*ચંચળ વેદના.*
*તારા થાકેલા હાથથી બિછાવી છે, દૂધિયા રંગની*
*એકાકી ચાદર ઊંઘભર્યા નિર્જન પૂનમના તારાની જેમ.*

કવિ આગળ કહે છે :

"તું મૂર્ત રૂપની ધારણા કરી શકે છે અને સ્પર્શી શકે છે આ ભૂમા તારા સુંદર

ચરણ તળે? તું તારી જાતને આ વિશ્વના ખૂણેખૂણામાંથી પાછી ખેંચી અને તારી દેદીપ્યમાન હાજરી આ ધરાને એક ખૂણે પ્રસારી શકે છે?"

આ જ અનુભૂતિ 'સોનાર તરી'ના એક કાવ્ય 'ઝૂલો'માં તીવ્રપણે વ્યક્ત થાય છે. જે સદા હૃદયસ્થ છે તેની સાથે મળી આ સર્જનની અવનવી ક્ષિતિજો સર કરવાનું કવિ ચાહે છે.

**ઝૂલો :**

> *એટલે મેં વિચાર્યું છે કે આજે રાતની વેળાએ નવી રમત રમવી પડશે. મરણઝૂલામાં દોરડું પકડીને બંને જણ ખૂબ પાસે પાસે બેસીશું. ઝંઝાવાત આવીને અટ્ટહાસ્ય કરીને ઠેલો મારશે, હું અને પ્રાણ બે જણ મળીને મધરાતે ઝૂલાની રમત રમીશું... હીંચકો નાખ, હીંચકો નાખ, આ મહાસાગરમાં તોફાન જગાવ. મારી વધૂ મને પાછી મળી છે. ... પ્રાણ અને હું આજ સામસામી આવ્યા છીએ, ભય અને લાજ તજીને એકબીજાને ઓળખી લઈશું. બંને ભાવથી વિહ્વળ થઈને છાતીએ છાતી ભીડીશું. હીંચકો નાખ. સ્વપ્નને તોડી નાખીને આજ બે પાગલો બહાર નીકળ્યા છે. હીંચકો નાખ. (અનુ. નગીનદાસ પારેખ)*

માનસ-સુંદરીની આ યાત્રા ક્યાં જશે કવિને પણ ખબર નથી. એ એને પૂછે છે. કવિ હોડીમાં એની પાસે બેસી ગયા છે અને ખેપ શરૂ થઈ ગઈ છે. ચિત્રાના આ 'નિરુદ્દેશે' કાવ્યની ખેપ કેવી અનન્ય છે! ક્યાં પહોંચશે આ યાત્રા?

**નિરુદ્દેશે :**

> *હે સુંદરી, હજી તું મને કેટલે દૂર લઈ જઈશ? બોલ, કયે કિનારે તારી સોનાની નૌકા લાંગરશે? હે વિદેશિની, જ્યારે જ્યારે હું પૂછું છું, ત્યારે ત્યારે હે મધુરહાસિની તું માત્ર હસે છે - સમજી નથી શકતો તારા મનમાં કોણ જાણે શું છે. મૂંગી મૂંગી આંગળી ઊંચી કરીને તું બતાવે છે, કૂલહીમ સમુદ્ર આકુલ બની જાય છે, દૂર પશ્ચિમમાં સૂર્ય ગગનના ખૂણામાં ડૂબે છે. ત્યાં શું છે. શાની શોધમાં આપણે જઈએ છીએ? (અનુ. નગીનદાસ પારેખ)*

આ નિરુદ્દેશે આરંભાયેલી માનસ-સુંદરીની અંતરયાત્રા એમાં જ રહેતા જીવનદેવતામાં પરિણમે છે. માનસ-સુંદરી એ જ જીવન-દેવતા (deity of his life) તરીકે આગળ વધે છે. આ અંતર્યામી તત્ત્વ નૂતન કૌતુકમય છે. ઊભયગુણધારી આ હૃદયસ્થ સ્વામી / સ્વામિની છે. આ રહસ્યમયી કૌતુકમયી જીવનતત્ત્વ 'ચિત્રા'ના 'અંતર્યામી' કાવ્યમાં આમ વ્યક્ત થાય છે.

**અંતર્યામી :**

*આ તે કેવું કૌતુક નવું નવું નિતનું*
*ઓ રે હે, કૌતુકમયી!*
*જ્યારે કશુંયે ઝંખું હું બોલવા કદી?*
*વસીને અંતરમાં કે દિવારાત્રિ*
*ભાષા મુખ થકી લે છે ચૂંટી.*
*વાત મારી જ લઈ તું વાત કર*
*ભેળીને નિજના સૂરને.*
*જાઉં ભૂલી ઝંખેલું જે બોલવાનું,*
*સંગીતસ્રોતે કલ ના પામું-*
*ક્યાંનો ક્યાં સુદૂર વ્હે જાઉં! (અનુ. નલિન પટેલ)*

આ નિત્યનૂતન કૌતુકમયી અંતરતમ વસે છે એ જ જીવન અધિષ્ઠાત્રી અને એ જ હવે જીવનદેવતા. આ જીવન-દેવતાને તત્ત્વદર્શનના જીવન-દેવતા (metaphysical life-god) તરીકે પણ કેટલાક રવીન્દ્ર કાવ્યરસિકો લેખાવે છે. અંતરાત્માનો આ અવાજ, આત્મતત્ત્વનો આ અનુભવ હવે આગળની યાત્રામાં ચાલક બને છે. આ થકી કવિનાં સંવેદનો, એના વિચારો, એમની ચેતના, એમનો કાવ્ય-આવિષ્કાર એમના જીવનનો દેવતા બને છે.

આ જીવનદેવતા સર્જકની ભીતરનો ઠોસ સર્જક છે. માનસ-સુંદરી, તમામ સુંદરતાની પાછળનું સુંદર તત્ત્વ (beauty behind all beauty) હતું એ હવે સર્જકની ભીતરના સર્જક (creator within the creator) તરીકે કાવ્યયાત્રામાં આગળ વધે છે.

**જીવનદેવતા :**

*હે પ્રાણેશ, જે કંઈ શોભા, જે કંઈ ગીત, જે કંઈ પ્રાણ, જાગરણ, ગાઢ નિદ્રા – જે કાંઈ મારું હતું તે બધું હવે પૂરું થયું છે? બાહુબંધન શિથિલ થયું છે, મારું ચુંબન મદિરાવિહીન થઈ ગયું છે – જીવનકુંજમાંની અભિસારરાત્રિ આજે પૂરી થઈ છે? તો આજની સભા વિખેરી નાંખો, નવું રૂપ આણો, નવી શોભા લાવો, અને ચિરપુરાતન એવા મને નવો બનાવીને ફરી વાર લો. નૂતન વિવાહ દ્વારા મને નવીન જીવનના દોરામાં બાંધજો. (અનુ. નગીનદાસ પારેખ)*

●●●